# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-03-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

1. વિધાનસભામાં ગુજરાત સ્ટેમ્પ સુધારા ખરડો 2025 પસાર.
2. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આરોગ્યકર્મીઓને હડતાળ સમેટી લેવા અપીલ કરી.
3. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું, યુવા પેઢી યોગ્ય, કુશળ અને રાષ્ટ્રપ્રેમી બનશે ત્યારે જ વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર થશે
4. મોરબી સાયબર ક્રાઇમની ટીમે 90 જેટલી બનાવટી વૅબસાઈટ થકી છેતરપિંડી કરનારને છત્તીસગઢથી પકડ્યો
5. પોરબંદરના કર્લી મોકરસાગર પક્ષી અભયારણ્યને વિશ્વ કક્ષાનું પ્રવાસન સ્થળ બનાવાશે

---------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# STAMP DUTY BILL PASS

વિધાનસભામાં આજે ગુજરાત સ્ટેમ્પ સુધારા ખરડો 2025 પસાર કરાયો છે. ગૃહમાં ખરડો રજૂ કરતાં મંત્રી બળવંતસિંહ રાજપૂતે કહ્યું, કાયદાનું સરળીકરણ કરવા અને વહીવટમાં પારદર્શકતા વધારવા ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ 1958માં સુધારા કરાયા છે. ખરડા મુજબ, વડિલોપાર્જિત મિલકતના કિસ્સામાં અવસાન પામેલી પુત્રીના વારસદારો દ્વારા કરાતા હક્ક કમીના લેખ ઉપરની ડ્યૂટી 4.90 ટકાથી ઘટાડીને ફક્ત 200 રૂપિયાના સ્ટેમ્પ ઉપર થઈ શકશે.

જ્યારે ગીરો લેખ માટેની ડ્યૂટીમાં 80 ટકા ઘટાડો કરાતાં એક કરોડ રૂપિયા સુધીનું ધિરાણ મેળવવા 25 હજાર રૂપિયાની ડ્યૂટી ઘટાડીને વધુમાં વધુ પાંચ હજાર રૂપિયા કરવામાં આવી. તો મૉર્ગેજના લેખ પર ડ્યૂટી ભરપાઈ કરવાની બૅન્કોની જવાબદારી નક્કી કરાતાં સામાન્ય વ્યક્તિને તેનો લાભ થશે. આ ઉપરાંત ગીરોમુક્તિ લેખ તથા ભાડાપટ્ટા લેખ માટે ઘરેબેઠાં ઇ-રજિસ્ટ્રેશન કરી શકાશે, લોકોએ સબ રજિસ્ટ્રાર કચેરી સુધી નહીં જવું પડે.

. . . . . . . . . . . . . .

# RUSHIKESH PATEL ON STRIKE

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આરોગ્ય કર્મચારીઓને હડતાળ સમેટી પોતાની ફરજ પર પરત ફરવા અપીલ કરી છે. ગાંધીનગરમાં આ અંગે નિવેદન આપતાં શ્રી પટેલે કહ્યું, આરોગ્યકર્મીઓની માગણીઓ પર ચર્ચા-વિચારણા કર્યા બાદ એક માગણી સ્વીકારવા પાત્ર છે. જોકે, ટેક્નિકલ ગ્રેડ પે અંગે ચિંતન કર્યા

વગર નિર્ણય ન લઈ શકાય. કર્મચારીઓને હડતાળ સમાપ્ત કર્યા બાદ ચર્ચા કરવા શ્રી પટેલે જણાવ્યું હતું.

**(બાઈટઃ ઋષિકેશ પટેલ, આરોગ્ય મંત્રી)**

. . . . . . . . . . . . . .

## RAJYAPAL VIDYAPITH

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું, યુવા પેઢી યોગ્ય, કુશળ અને રાષ્ટ્રપ્રેમી બનશે ત્યારે જ વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર થશે. અમદાવાદની ગૂજરાત વિદ્યાપીઠ ખાતે વિકસિત ભારત એટ 2047ની દિશામાં શિક્ષક શિક્ષણનું રૂપાંતરણ વિષય પર યોજાયેલા રાષ્ટ્રીય સંમેલનનું ઉદ્ઘાટન કરતા શ્રી દેવવ્રતે આ મુજબ જણાવ્યું હતું.

રાષ્ટ્રીય શિક્ષક શિક્ષા પરિષદ અને ગૂજરાત વિદ્યાપીઠના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા સંમેલનમાં વિવિધ તજજ્ઞો અને ઉચ્ચ અધિકારીઓ જોડાયા છે. આ પ્રસંગે શિક્ષણ રાજ્યમંત્રી પ્રફૂલ પાનશેરિયાએ કહ્યું, ભારતીય મૂળ સંસ્કૃતિને શિક્ષણ પદ્ધતિથી જોડી રાખવાનું કાર્ય નવી શિક્ષણ નીતિ દ્વારા થશે. તેમણે રાષ્ટ્રને શ્રેષ્ઠ નાગરિકો મળે તે માટે આજના સમયમાં ઈચ્છા અને તૃપ્તિનું અંતર શીખવીને ગુરુજનોને શિક્ષણ આપવાની હિમાયત કરી હતી.

. . . . . . . . . . . . .

## PM – MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ રવિવારે આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત' કાર્યક્રમ માટે નાગરિકો પાસેથી સૂચનો મગાવ્યા છે.

લોકો આ કાર્યક્રમ માટે પોતાના વિચાર અને સૂચનો ટૉલ-ફ્રી નંબર 1800-11-7800ના માધ્યમથી, નરેન્દ્ર મોદી એપ્લિકેશન અથવા માય-G.O.V. ઑપન ફોરમના માધ્યમથી ઑનલાઈન પણ મોકલી શકાશે. આ સૂચનો મોકલવાનો આવતીકાલે છેલ્લો દિવસ છે.

ઉલ્લેખનીય છે કે 'મન કી બાત' માસિક રેડિયો કાર્યક્રમની આ 120મી કડી હશે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# MORBI CRIME

મોરબી સાયબર ક્રાઈમ ટીમે ૧૦ જેટલી બનાવટી વૅબસાઈટથી લોકો સાથે છેતરપિંડી કરનારા આરોપીને છત્તીસગઢથી પકડી પાડ્યો છે. મોરબીના અમારા પ્રતિનિધિ રવિ મોટવાણી જણાવે છે, મૂળ ઝારખંડના આરોપીએ જિલ્લામાં સરકારી યોજનાઓ સહિત વિવિધ કંપનીઓની ૧૦ બનાવટી વૅબસાઈટ બનાવી લોકો સાથે છેતરપિંડી કરી હતી. તપાસ દરમિયાન આ આરોપીએ ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં એક કરોડથી વધુની છેતરપિંડી કરી હોવાનું જણાયું હતું.

આ અંગે જિલ્લા પોલીસ વડા રાહુલ ત્રિપાઠીએ વધુ માહિતી આપી.

(બાઈટઃ રાહુલ ત્રિપાઠી, જિલ્લા પોલીસ વડા, મોરબી)

. . . . . . . . . . . . . .

## PORBANDAR SANCTUARY

પોરબંદર જિલ્લામાં આવેલા કર્લી મોકરસાગર પક્ષી અભયારણ્યને 200 કરોડ રૂપિયાના ખર્ચે વિશ્વ કક્ષાનું પ્રવાસન સ્થળ બનાવાશે. સાથે જ વીસાવાડા અને મિયાણીના બિચને વૈશ્વિક કક્ષાના પ્રતિકાત્મક બિચ બનાવવા સરવેની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. વિધાનસભામાં પૂછેલા એક પ્રશ્નના જવાબમાં પ્રવાસન મંત્રી મુળૂભાઈ બેરાએ આ અંગે માહિતી આપી હતી.

પોરબંદરના ધારાસભ્ય અર્જૂન મોઢવાડિયાએ કહ્યું, મોકરસાગર અભયારણ્ય રાજ્યનું મહત્વનું પ્રવાસન સ્થળ બનશે.

**(બાઈટઃ અર્જૂન મોઢવાડિયા, ધારાસભ્ય, પોરબંદર)**

. . . . . . . . . . . . . .

## VERAVAL PORT

ગીરસોમનાથના વેરાવળ ખાતે મત્સ્ય બંદરના વિકાસની કામગીરી પ્રગતિ હેઠળ છે. તેમ વિધાનસભા ગૃહમાં મત્સ્યોદ્યોગ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું. તેમણે કહ્યું, બંદરને વિકસાવવાને સૈદ્ધાંતિક મંજૂર અપાતા ગીરસોમનાથમાં કુલ ચાર જેટલા મોટા મત્સ્ય બંદરનો વિકાસ થશે. આ બંદરનો વિકાસ થવાથી માછીમારોની બૉટને અવરજવરની સુગમતા રહેશે. હયાત બંદરો પરની સંકળાશનું નિવારણ થશે. મત્સ્ય પકડાશની ગુણવત્તામાં સુધારો થતા નિકાસમાં વધારો થશે અને આવક પણ વધશે.

સ્થાનિક લોકોને પર્યટક વિકલ્પ પૂરો પડશે તેમ જ માછીમારોની આજીવિકા તથા જીવનધોરણ ઊંચું આવશે તેમ શ્રી પટેલે ઉમેર્યું હતું.

. . . . . . . . . . . . . .

## World Theatre Day

સુરેન્દ્રનગરના મહાકાળી ભવાઈ મંડળ સહિતના જુદા જુદા મંડળના કલાકારો વિસરાતી જતી ભવાઈ કળાને જીવંત રાખવા પ્રયાસ કરી રહ્યા છે. સરકારની બેટી બચાવો બેટી પઢાઓ, સ્વચ્છતા અભિયાન જેવી યોજના કે અભિયાનના પ્રચાર પ્રસારમાં ભવાઈ કળાનો ઉપયોગ કરવામાં  તેવી કલાકારોની માગ હોવાનું ભવાઈ સમાજના આગેવાન હર્ષદ વ્યાસે જણાવ્યું...

(બાઇટ - હર્ષદ વ્યાસ)

. . . . . . . . . . . . . .

## WEATHER

રાજ્યમાં આગામી બે દિવસ દરમિયાન ગરમીમાંથી આંશિક રાહત મળવાની હવામાન વિભાગે આગાહી કરી છે. જ્યારે 29 માર્ચ બાદ ફરી તાપમાનમાં ત્રણ ડિગ્રી સેલ્સિયસ સુધીનો વધારો થવાની શક્યતા છે, તેમ હવામાન વિભાગના નિદેશક ડૉ. એ. કે. દાસે જણાવ્યું હતું.

**(બાઈટઃ ડૉ. એ. કે. દાસ)**

બીજી તરફ, રાજ્યમાં ગત 24 કલાકમાં સૌથી વધુ 38 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન અમરેલી, રાજકોટ, અમદાવાદ અને બનાસકાંઠાના ડીસામાં નોંધાયું હતું. જ્યારે વડોદરા, ગાંધીનગર, મહુવા અને કચ્છના ભુજમાં મહત્તમ તાપમાન 37 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું.

. . . . . . . . . . . . . .

## PANCHMAHAL- BAL LAGNA

પંચમહાલમાં જિલ્લા બાળ સુરક્ષા અધિકારી, વેજલપુર પોલીસ સ્ટાફ તથા 181 અભયમની ટીમે બાળ લગ્ન અટકાવ્યા હતા. 1098 ચાઇલ્ડ હેલ્પ લાઇન પરથી જાણ થતાં ટીમ કાલોલ તાલુકાના કરોલી ગામ પહોંચી હતી. દરમિયાન બાળ લગ્ન અટકાવવામાં ટીમે સફળતા મેળવી હતી.

. . . . . . . . . . . . . .